ક્રમાંક : ગધન/ઘ-૧/૨૦૨૨-૨૩/ 3654
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સહયોગ સંકુલ, બ્લોક –એ (બીજો માળ)
સેક્ટર-૧૧, ગાંધીનગર
તારીખ- ૧૭-૦૬-૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
ગાંધીનગર

વિષય: રાષ્ટ્રીય બાલવિજ્ઞાન પરિષદ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લેવા બાબત
સંદર્ભ: કમિશનર શાળાઓની કચેરી,ગુ.રા.ગાંધીનગરના તારીખ-૦૩-૦૬-૨૦૨૨ના પત્રાંક : ઉમશ/ઉમા-૨/૨૦૨૨/૨૫૮૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, એન.સી.એસ.ટી.સી દ્વારા યોજવામાં આવે છે. આ કાર્યક્રમ ૧૯૯૩થી અમલમાં છે. જેનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે. જેમાં ૧૦ થી ૧૪ વર્ષ (નીચલી વય જૂથ) અને ૧૪ થી ૧૭ વર્ષ (ઉપલી વય જૂથ) ના બે જૂથમાં ભાગ લઇ શકે છે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર એ ગુજરાત રાજ્યનું કોર્ડિનેટર છે. વર્ષ ૨૦૨૨નો વિષય: Understanding Ecosystem for Health and Well Being (આરોગ્ય અને સુખાકારી માટે જીવસૃષ્ટિની સમજણ) છે. અને તેના ૫ પેટા વિષયો છે. ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ,શિક્ષકો અને સંગઠનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી જિલ્લાની તમામ શાળાઓને જાણ કરવામાં આવે છે.

૧. આ પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું અને ટી.એ (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.
૨. પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડયુટી ગણવામાં આવશે.
૩. જીલ્લા કક્ષામાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજ્ય સ્તર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે ત્યાર બાદ જો પ્રોજેક્ટ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પસંદ થાય તો પ્રોજેક્ટનો ટીમ લીડર ભાગ લેશે.
૪. રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા માટેનો પ્રવાસ ભથ્થું ખર્ચ ગુજકોસ્ટ દ્વારા ચૂકવવામાં આવશે.
૫. તદ અનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમાં રાજ્યની તમામ શાળાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.
૬. આ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ જોડાઇ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે માટે શાળાના ઉત્સાહી શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળના શિક્ષકોને મળે તે અંગેનું વાતાવરણ શાળામાં ઊભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ગાંધીનગર